# વિદેશી આવનારાં ભંડોળને સરકાર કેમ રોકી રહી છે?

વિદેશમાંથી આપણા દેશમાં અનેક ઉદ્દેશ્યથી નાણાં આવે છે. વિદેશમાં વસનારા ભારતીયો એક તો તેમના પરિવાર માટે નાણાં મોકલે છે, ઘણાં કિસ્સામાં પોતાના સમાજ, પોતાના મૂળ ગામ કે પછી કોઈ અન્ય સેવાકીય કાર્ય કરતી સંસ્થા માટે પણ વિદેશમાંથી નાણાં મોકલે છે. નાણાં અનેક રીતે આવે છે અને તેનો ખર્ચ દેશમાં આવે છે ત્યાર પછી પણ વિધવિધ ઉદ્દેશ્યથી થાય છે. આ રીતે વિદેશમાંથી નાણાં આવે છે તે અંગે કાયદા આધિન કેટલાંક નિયમો છે. આ પ્રકારનો કાયદો પહેલાં વહેલાં 1976માં બન્યો હતો. તે પછી તેમાં સુધારાવધારા થયા તે વર્ષ 2010નું હતું. આ રીતે સરકાર આવનારા વિદેશી ભંડોળ પર મૂડી પર નજર રાખવાનો ઉદ્દેશ્ય હતો. પરંતુ તે પછી આ કાયદામાં ધરમૂળથી ફેરફાર આવ્યો તે વર્ષ 2020નું હતું. આ બિલ ગૃહમંત્રી અમિત શાહે પ્રસ્તાવિત કર્યું હતું અને તેમાં અનેક પ્રકારના નિયમો ઉમેરવામાં આવ્યા હતા. આ કાયદાથી નિયમો વધુ કડક થયા, બહારથી આવનારાં ભંડોળ પર સરકારની નજરથી બચી શકે તેવી શક્યતા સાવ ઓછી થઈ ગઈ. તે વખતે આ પ્રકારના નાણાં આવતા સૌથી વધુ અસર થઈ તે 'નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઇઝેશન'[NGO]ને. હવે 2020ના બિલમાં પણ વધુ કડક નિયમો લાદીને સરકાર આ સંસદ સત્રમાં એક નવું બીલ લાવવા જઈ રહી છે. આ બિલ અંતર્ગતથી 'NGO'ને મળનારા વિદેશી ભંડોળમાં ખૂબ પડકાર ઊભા થશે. સરકાર પોતાના કેટલાંક કારણો આપે છે, તો વળી 'NGO'વતી પણ જે રજૂઆત થઈ રહી છે તે વાજબી લાગી રહી છે.

આ બિલ અંતર્ગત જે થોડી જોગવાઈ છે, જેની સામે વાંધો ઊઠાવાઈ રહ્યો છે તે તરફ નજર કરીએ. પહેલાં તો વિશે 'ડેઝિગ્નેટેડ ઓથોરિટી' બનાવવાનો પ્રસ્તાવ છે, જે 'NGO'નું લાઇસન્સ રદ થાય ત્યારે તેની સંપત્તિ નિયંત્રણમાં લઈ શકશે. આવશ્યકતા લાગશે ત્યારે સંસ્થાનું મેનેજમેન્ટ પણ કરશે અને તેને વેચી પણ શકશે. અગાઉ આવી કોઈ જોગવાઈ નહોતી. બીજો મુદ્દો છે તે 'કાયમી અંકુશ'- આ જોગવાઈ હેઠળ કોઈ 'NGO'નું લાયસન્સ રદ થવાથી તેની સંપત્તિ અને નાણાં સરકાર પાસે આવી જશે. લાયસન્સ ફરી રિન્યૂ થાય તો તે સંસ્થાને સંપત્તિ-નાણાં ફરી મળી જશે. મતલબ કે જો કોઈ સંસ્થા સમયસર સંસ્થાનું લાયસન્સ રિન્યૂ ન કરાવે તો તે રદ થઈને તેનું નિયંત્રણ સરકાર પાસે જતું રહેશે. હવે જ્યારે લાયસન્સ રદ થાય તો તેમાં ક્યાં અપીલ કરી શકાય તે અંગે પણ તેમાં નોંધ છે. આ અપીલ માટે સંસ્થાએ 90 દિવસ દરમિયાન જિલ્લા કોર્ટમાં જવાનું રહેશે. માત્ર અહીં સજાનું જે અગાઉ પ્રાવધાન હતું તે ઘટાડીને એક વર્ષનું કરી દેવામાં આવ્યું છે.

આવી અન્ય પણ જોગવાઈ બિલમાં છે, જેનાથી કેન્દ્ર સરકાર આ પ્રકારની સંસ્થાઓ પર નજર રાખી શકશે. પરંતુ આ બિલ અંગે ઉહાપોહ મચ્યો તેનું કારણ અમેરિકાના સાંસદ રાઇલી મૂરનું નિવેદન છે. રાઇલી મૂરે આ બિલને 'ઇસાઈ વિરોધી' હોવાનું કહ્યું છે. તેમણે આ બિલ પાસ થશે તો અમેરિકા-ભારતના સંબંધ વણસશે તેવી ભવિષ્યવાણી કરી છે. મૂર દ્વારા એક ટ્વિટ કરવામાં આવી હતી તેમાં તેમણે ભારતમાં ઇસાઇઓ ક્યારથી છે તે પણ લખ્યું છે. તેઓ જણાવે છે કે, 'ભારતમાં ઇસાઈ ત્યારથી છે, જ્યારથી અમારા પ્રભુ ઈસુ મસિહા પુર્નજીવિત થઈને થોડા દસકા બાદ જ સેંટ થોમસ મલબારના કિનારે આવ્યા હતા. પરંતુ આ લાંબા ઇતિહાસ છતાં ભારતીય સંસદમાં FCRAના નિયમો બદલવાનો વિચાર કરી રહી છે. જેનાથી સરકાર ચર્ચ અને ચેરિટિના કાર્યોને પોતાના હસ્તક લઈ લેશે.'

સરકાર હાલમાં 'ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ'[FCRA] પર નિયંત્રણ લાવી રહી છે તે અગાઉ પણ જે કંઈ સરકારે કર્યું તેનાથી વિદેશમાંથી મળતી 87 ટકા મદદ ઓછી થઈ ગઈ હતી. શશી થરૂરે આ અંગે લેખ લખ્યો છે તેમાં તેઓ જણાવે છે કે, 'સરકાર તો એવું કહે છે કે આ બિલ પારદર્શિતા માટે લાવવામાં આવી રહ્યું છે. પરંતુ ખરેખર તો કેન્દ્ર સરકાર અને નાગરિક સમાજના સંબંધ આનાથી જડમૂળથી બદલાઈ જશે. નાગરિક સમાજ એટલે 'NGO', થિંક ટેંક અને માનવઅધિકાર સમૂહ, જેઓ સરકારથી અલગ માર્ગે સમાજ માટે કાર્ય કરે છે.' હાલમાં આસામમાં આવેલા પૂરમાં સરકાર સિવાય અનેક સંસ્થાઓ ગ્રાઉન્ડ ઝિરો પર કામ કરી રહી છે. સરકાર અનેક જગ્યાએ પહોંચી પણ નથી વળતી, ત્યાં આ પ્રકારની મદદ લોકોને મુશ્કેલીમાંથી ઉગારી લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કેન્દ્ર સરકારે 2020માં જે નિયમો લાદ્યા હતા તેમાં પ્રથમ તો જમીની સ્તરે કાર્યરત નાની સંસ્થાઓને નાણાં ફાળવવા અંગે રોક લગાવી હતી, બીજું કે સંસ્થાઓના રોજબરોજના ખર્ચ પર કેટલાં નાણાં ખર્ચ કરવા તે અંગે ઘટાડો કર્યો હતો. અને ત્રીજું કે વિદેશમાંથી આવનારું તમામ ભંડોળ માત્ર ને માત્ર નવી દિલ્હીની 'SBI'ની એક બ્રાન્ચમાં જ આવશે. આનું પરિણામ એ આવ્યું કે દેશમાં આવનારાં ભંડોળમાં ખૂબ મોટો ઘટાડો થયો. હજારો સંસ્થાઓ પણ તાળા વાગ્યા અને હવે જે તૈયારી થઈ રહી છે તેમાં જે 'NGO'નું લાયસન્સ રદ થયું છે તેને સરકાર હસ્તક લેવાની છે. આ અંગે શશી થરૂર પણ એ જ ભય વ્યક્ત કરી રહ્યા છે કે, 'આની અસર દેશના સમાજકાર્ય પર થશે, જેઓ દાયકાઓથી અહીં સેવાકાર્ય કરે છે. વિશેષ કરીને કેરળ જેવા રાજ્યોની ઇસાઈ સંસ્થાઓ પર. જે સ્વાસ્થ્ય, શિક્ષણ અને સમાજસેવાની કરોડરજ્જુ છે.'

**પગરવ**
★ પ્રશસ્ત પંડયા


હવે જ્યારે અમેરિકાથી અને અન્ય દેશોમાંથી વિરોધ થયો તો તે અંગે સરકારે પણ સ્પષ્ટતા કરી અને કહ્યું છે કે આ કાયદા અંતર્ગત કોઈ એક ધર્મ, સંપ્રદાયને નિશાન બનાવવાનો તો ઉદ્દેશ્ય હોઈ ના શકે. આ નિયમ બધા જ ધર્મ, સંપ્રદાય પર સમાન રીતે લાગુ થશે. બીજું કે અમેરિકા પણ આ રીતે નિયમો છે. અમેરિકામાં પણ જ્યારે કોઈ ભંડોળ આવે છે તો તે પારદર્શિતાથી આવું જોઈએ તે વિશે કાળજી લેવાય છે. જો અમેરિકામાં આવું હોય તો ભારતમાં કેમ નહીં? તે પ્રકારની દલીલ કેન્દ્ર સરકારના અધિકારીઓ કરી રહ્યા છે.

નિયમોને જ્યારે શબ્દસહ વાંચીએ તો તેમાં અનેક બાબતો સ્પષ્ટ થતી નથી. તે અંગે કાયદાશાસ્ત્રી અર્થઘટન કરે તો તેની સ્પષ્ટતા મળે. જેમ કે નવા નિયમ અંતર્ગત કોણ વિદેશી ભંડોળ ન લઈ શકે તો તેમાં રાજકીય પક્ષ અને તેના પદાધિકારીઓ, ચૂંટણી લડનારા ઉમેદવાર, સાંસદ અને વિધાનસભ્ય, ન્યાયાધીશ અને સરકારી કર્મચારી સમાવિષ્ટ છે. ઉપરાંત મીડિયા પ્રોફેશનલ જેમાં એડિટર, માલિક, પબ્લિશર, કાર્ટૂનિસ્ટ, કોલમિસ્ટ અને રિપોર્ટર પણ સામેલ છે. તેમને પણ આ નિયમ હેઠળ કોઈ પણ ભંડોળ લેતા અટકાવી શકાય તેવા નિયમો છે. હવે આ બિલ અંતર્ગત ભંડોળ કોણ વિદેશથી લઈ શકે તેમાં ઝાઝો બદલાવ નથી, તેમ છતાં તેનો ઉલ્લેખ અહીં જરૂરી છે. વિદેશી ભંડોળ લઈ શકે તેમાં યોગ્ય વ્યક્તિ, 'NGO', ચેરિટેબલ ટ્રસ્ટ, શિક્ષણ અને ધાર્મિક સંસ્થા વિદેશી યોગદાન લઈ શકે છે. જોકે તેમને 'એફસીઆરએ'ના જરૂરી નિયમો પાળવાના રહેશે.

સરકાર આ કડક નિયમો લાવી રહી છે તે અંગેના કેટલાંક કારણો સરકારે ગુપ્ત રીતે મીડિયા સમક્ષ મૂક્યા છે અથવા તો મીડિયા તે વાત બહાર લાવ્યું છે. તેમાં તમિલનાડુમાં કુડનકુલમ ન્યૂક્લિઅર પાવર પ્લાન્ટમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં વિદેશી ફન્ડિંગનો આધાર મળ્યા છે.

એ રીતે અન્ય પણ કેટલાંક પ્રોજેક્ટમાં સરકારના વિરોધમાં વિદેશી ફંન્ડિંગનો ઉપયોગ હોવાનું કેન્દ્ર સરકાર માને છે. ઉપરાંત સરકાર હજુ પણ એવું માને છે કે અનેક 'NGO'એ 'એફસીઆરએ'નું લાયસન્સ મેળવ્યું નથી, જે કારણે પણ વિદેશી આવતા ફંડમાં પારદર્શિતા આવી નથી.

આ રીતે બંને બાજુથી દલીલો થઈ રહી છે અને સરકાર બિલ લાવવામાં મક્કમ છે અને બિલ આવી પણ જશે. માત્ર અહીં એક વાત વિચારવાની છે કે જેઓ ખરેખર સેવાકાર્ય સાથે જોડાયેલા છે અને તેમનું ભંડોળ અટકવું ન જોઈએ, કારણ કે દેશમાં હજુ પણ સરકાર સર્વત્ર પહોંચી શકી નથી, જ્યાં આ સંસ્થાઓ પાયાનું કામ કરી રહી છે.







**હજારો સંસ્થાઓ પણ તાળા વાગ્યા અને હવે જે તૈયારી થઈ રહી છે તેમાં જે 'NGO'નું લાયસન્સ રદ થયું છે તેને સરકાર હસ્તક લેવાની છે**